# આનંદ અંતર છાઈ રહ્યો

## લંડન ૨૦૨૩ મહંતસ્વામી મહારાજના રોકાણ દરમિયાન ઉજવાયેલ

## ઉત્સવપ્રસંગોનાં ભક્તિગીતોનું આલ્બમ

### ટ્રેક ૧ મંગલાચરણ

વન્દે શ્રીપુરુષોત્તમં ચ પરમં ધામાક્ષરં જ્ઞાનદં

વન્દે પ્રાગજીભક્તમેવમનઘં બ્રહ્મસ્વરૂપં મુદા,

વન્દે યજ્ઞપુરુષદાસચરણં શ્રીયોગિરાજં તથા

વન્દે શ્રીપ્રમુખં મહન્તગુણિનં મોક્ષાય ભક્ત્યા સદા.

કવિઃ સાધુ વિવેકસાગરદાસ, ગાયકઃ જયદીપ સ્વાદિયા

## ટ્રેક ૨ સ્વાગતગીત

કરીએ સ્વાગતમ્, અક્ષરપુરુષોત્તમ આજ,
કરીએ સ્વાગતમ્, મહંતસ્વામી મહારાજ.

આપ ચરણોમાં શાંતિ અપાર, આપ જ છો મોક્ષદ્વાર,
આપ હરિસ્વરૂપ આ વાર, અહો અહો અભિવંદનમ્...
વંદનમ્ વંદનમ્ વંદનમ્...
શત શત હો સ્વાગતમ્
આવો અક્ષરપુરુષોત્તમ આજ, આવો પ્રમુખસ્વામી મહારાજ,
આવો સૌના જીવનપ્રાણ, આવો મહંતસ્વામી મહારાજ...
કરીએ સ્વાગતમ્... શત શત સ્વાગતમ્...

મીઠી મીઠી ગુંજે રે, શરણાઈ ઢોલ બાજે રે,
સૌને અંતર ઉમંગ છલકે, હૈયાં થનગન નાચે રે. ધ્રુવ
ગુરુહરિનું... સ્વાગતમ્...
આવો અક્ષરપુરુષોત્તમ આજ, આવો પ્રમુખસ્વામી મહારાજ,
આવો સૌના જીવનપ્રાણ, આવો મહંતસ્વામી મહારાજ...
કરીએ સ્વાગતમ્... શત શત સ્વાગતમ્...
પધારો આંગણે... શત શત સ્વાગતમ્...

આપ પગલે તો શ્રીહરિ વિચરણ કરે, આપ વાણીમાં અમૃતની ધારા વહે;
આપ દૃષ્ટિની નિર્મળતા અમ સૌને પાવન કરે, આપ પગલે તો શ્રીહરિ વિચરણ કરે.
એવા પ્રમુખસ્વામી આપનું કરીએ સ્વાગતમ્,
એવા મહંતસ્વામી આપનું કરીએ સ્વાગતમ્. મીઠી મીઠી. ૧

ભાગ્ય અમારાં ગણ્યાં ગણાય ના, જે કરીએ તે ઓછું છે,
સો સો માથાં ચરણે ધરીએ, પ્રાણ અર્પીએ ઓછું છે;
અપાર ઋણ છે, કેમ ચૂકવીએ, ટુક ટુક થઈએ ઓછું છે,
મહંતરૂપે શ્રીજી મળિયા, રાજી કરીએ ઓછું છે.

આવો રાજાધિરાજ, અમ કાજ ખોલ્યાં તમે અક્ષરદ્વાર,
અક્ષરબ્રહ્મ છો પ્રગટ તમે, અહો અહો અભિવંદનમ્... ૨
વંદનમ્... વંદનમ્... વંદનમ્...
કરીએ સ્વાગતમ્... કરીએ સ્વાગતમ્.... કરીએ સ્વાગતમ્...
સ્વાગતમ્... સ્વાગતમ્... સ્વાગતમ્...

શત શત હો...શત હો... સ્વાગતમ્.. સ્વાગતમ્,
અક્ષરપુરુષોત્તમ આજ, આવો પ્રમુખસ્વામી મહારાજ,
આવો સૌના જીવનપ્રાણ, આવો મહંતસ્વામી મહારાજ.
કરીએ સ્વાગતમ્, શત શત સ્વાગતમ્...
પધારો આંગણે, શત શત સ્વાગતમ્...
શત શત સ્વાગતમ્
સ્વાગતમ્ સ્વાગતમ્ સ્વાગતમ્...

અક્ષરપુરુષોત્તમ મહારાજની જય
પ્રમુખસ્વામી મહારાજની જય
મહંતસ્વામી મહારાજની જય

રચયિતા - સાધુ અક્ષરજીવનદાસ, ગાયકો – જયદીપ સ્વાદિયા, સાહિલ સોલંકી

# લંડન યોગીજયંતી - ૨૦૨૩

## ટ્રેક ૩ છંદ અને પંક્તિ ગીત - અમારા જોગી

ગોંડલ ગામમાં ને અક્ષરધામમાં યોગીબાપા બિરાજ્યા છે,
નિર્મળ ભક્તિ પ્રેમભાવના સાચા સાજ સજાવ્યા છે;
જ્ઞાનગંગ ત્યાં નિર્મળ વહેતી સૌને સ્નાન કરાવ્યાં છે,
વાણી અમૃત પીવા હરિભક્ત સૌ દેશવિદેશથી આવ્યા છે.

કવિઃ  ઘનશ્યામભાઈ, ગાયકઃ સાધુ યોગીચરણદાસ

હૈયાનું હેત જેની આંખોમાં ઉભરાતું, વાણી તો અમરતની ધારા;
હસવે અંકાય મુખે ઝરણાં નિર્દોષતાનાં, એવા છે જોગી અમારા.
એવા મીઠા છે જોગી અમારા. ધ્રુવ

ઢાંકી ઢંકાય નહીં સાધુતા જેની, જે રોમ રોમ હરિવરને ધારે,
ગુરુના વચનો મહીં ટુક ટુક થઈને નિત્યે રહેતા જે ગુરુને આકારે;
એકવાર ખાધા જો ધબ્બા જોગીના તે થઈ જાયે દુનિયાથી ન્યારા. હૈયાનું. ૧

ઘૂઘવતો બ્રહ્મ તણો સાગર જ્યાં ઓટ નહીં નિત્ય નિત્ય આનંદની ભરતી,
એમાં જે મરજીવા થઈને કૂદ્યા, તે તો પામ્યાં અમૂલખ મોતી;
જોગીની મોજ એકવાર પણ માણે તો લાગે સંસાર-સુખ ખારાં. હૈયાનું. ૨

કવિઃ સાધુ મધુરવદનદાસ, ગાયકઃ જયદીપ સ્વાદિયા અને ગાયકવૃંદ

## ટ્રેક ૪

ખોંખારો કરીને અનેરી રીતથી વાતો મુખે બોલતા,
ગાતા કીર્તન તાલી તાન મધુરે, હાં શબ્દ લંબાવતા;
ઝાલી ગાતરિયું કરી સુલટકું, ખંખેરી દેખાડતા,
એ ચારે શુચિ યોગીરાજ-ચરિતો આનંદકારી સદા.

ગાયકઃ મિહિર પીઠડિયા

## ટ્રેક ૫

ભગવી પાઘ ને હાથમાં માળા, તિલક-ચાંદલો લાગે અતિ પ્યારાં,
એવી મૂર્તિ મનોહર તમારી રે યોગી, કરી લ્યોને દૃષ્ટિ અમારા ભણી.
મેં તો ગ્રહી લીધું શરણું તમારું રે યોગી, કરી લ્યોને દૃષ્ટિ અમારા ભણી.
અમીમય આંખડીએ યોગી નિરખતા, ડોલતાં ડોલતાં મંદ મંદ હસતા,
એ તો ધબ્બામાં ધામ પમાડે રે યોગી, કરી લ્યોને દૃષ્ટિ અમારા ભણી.
મેં તો ગ્રહી લીધું શરણું તમારું રે યોગી, કરી લ્યોને દૃષ્ટિ અમારા ભણી.

ગાયકઃ ધવલ કઠવાડિયા અને ગાયકવૃંદ

હૈયાનું હેત જેની આંખોમાં ઉભરાતું, વાણી તો અમરતની ધારા;
હસવે અંકાય મુખે ઝરણાં નિર્દોષતાનાં, એવા છે જોગી અમારા.
એવા મીઠા છે જોગી અમારા. ધ્રુવ

## ટ્રેક ૬

વાણીમાં વાંસળી વાગી યોગી તારી, વાણીમાં વાંસળી વાગી. ધ્રુવ

ગામડે વાગી ઝૂંપડે વાગી, મહેલ મહોલતોમાં વાગી,
ધરતી પર્વત ને સાગરની આરપાર, આફ્રિકા ખંડમાં પહોંચી. યોગી તારી. ૧

તારી વાણીમાં બાપા વહાલાની વાંસળી, ગોંડલ વનરાવનમાં ગુંજી,
ભક્તજનો સૌ બન્યા નરસૈયા, તારા ચરણોમાં લગની લાગી. યોગી તારી. ૩

કવિઃ વિજયદાન દેથા, ગાયકઃ સાધુ ગુરુદર્શનદાસ અને ગાયકવૃંદ

હૈયાનું હેત જેની આંખોમાં ઉભરાતું, વાણી તો અમરતની ધારા;
હસવે અંકાય મુખે ઝરણાં નિર્દોષતાનાં, એવા છે જોગી અમારા.
એવા મીઠા છે જોગી અમારા. ધ્રુવ

## ટ્રેક ૭

સ્વામીની સેનામાં આવજો રે, તમે આવજો રે, એના યોગીજી શૂરા સરદાર,
ભરતીમાં નામ નોંધાવજો રે, તમે આવજો રે, એના યોગીજી શૂરા સરદાર. ધ્રુવ

ધારી ધીરજની ઢાલ વહાલે, ત્યાગ તણી તલવાર,
કાલ ને માયા થરથર કંપે, ભક્તિ ભાલાથી અપાર;
કેસરિયા કરવાને આવજો રે, તમે આવજો રે, એના યોગીજી શૂરા સરદાર. સ્વામીની. ૧

કવિઃ જયંત ટાંક, ગાયકઃ સૌરભ મહેતા અને ગાયકવૃંદ

## ટ્રેક ૮

હૈયાનાં હેત ના ભુલાય, યોગી તારા હૈયાનાં હેત ના ભુલાય;

મારા અંતરની આંખો ઉભરાય, યોગી તારા હૈયાનાં હેત ના ભુલાય. હૈયાનાં. ધ્રુવ.

દુખિયાનાં દુઃખડાં ટાળી દિલડાંને ઠારતા,

બ્રહ્મભીના સૌને કરી જગને ભુલાવતા;

યોગી ભક્તો પર ઢળી ઢળી જાય. યોગી તારા હૈયાનાં. ૪

કવિઃ ઈન્દ્રજિત ચૌધરી, ગાયકઃ ધવલ કઠવાડિયા અને ગાયકવૃંદ

હૈયાનું હેત જેની આંખોમાં ઉભરાતું, વાણી તો અમરતની ધારા;

હસવે અંકાય મુખે ઝરણાં નિર્દોષતાનાં, એવા છે જોગી અમારા.

એવા મીઠા છે જોગી અમારા. ધ્રુવ

## ટ્રેક ૯

### **શાસ્ત્રીજી મહારાજ સાથેનું યોગીજી મહારાજનું જોડાણ**

(છંદ: હરિગીત)

સાગર મહીં શશીને નિહાળી આવતી ભરતી અહો,

તેમ જ ગુરુને ભાળી ઉછળે યોગીની ભક્તિ જુઓ;

મન કર્મ વચને શાસ્ત્રીજી મહારાજના સેવક હતા,

ગુરુભક્તિમય ગુરુવચનમય ગુરુરૂપ યોગીજી હતા. ૧

વર્ષો સુધી બસ એકધારું ગુરુવચન શિરે ધર્યું,

નિજ મન તણું ધાર્યું ન કીધું, એક ગુરુગમતું કર્યું;

ગુરુરાજીપે આનંદપૂર્ણ કૃતાર્થ અંતરથી હતા,
ગુરુભક્તિમય ગુરુવચનમય ગુરુરૂપ યોગીજી હતા. ૨

ગુરુ શાસ્ત્રીજી મહારાજમાં નિર્દોષબુદ્ધિ દિવ્યતા,
ત્રણ અવસ્થામાં પણ જુઓ જે ગુરુસુખે સુખિયા હતા;
'હું યોગી ને યોગી જ હું' શાસ્ત્રીજી પણ ઉચ્ચારતા,
ગુરુભક્તિમય ગુરુવચનમય ગુરુરૂપ યોગીજી હતા. ૩

કવિઃ સાધુ મધુરવદનદાસ, ગાયકઃ આલાપ દેસાઈ અને ગાયકવૃંદ

**ટ્રેક ૧૦**

## અક્ષરપુરુષોત્તમ મહારાજ સ્નાન શ્લોકો

(છંદ: વસન્તતિલકા)

પામે ન દેવ કદી દર્શન જેહનાં તે,
માયાપરે યુગલ દિવ્ય અનાદિથી છે;
તે બ્રહ્મ સાથ પરબ્રહ્મ અહીં પધાર્યા,
સાથે મહંત ગુરુ લંડનમાંહીં આવ્યા. ૧

નાહ્યા હરિ સરિતમાં ગુરુયોગીહસ્તે,
તે થેમ્સનાં પુનિત નીર વડે મહંતે;
નવ્ડાવિયા હરિ ગુણાતીત સંગ આજે,
ભક્તો કૃતાર્થ શુભ યોગીજયંતી રાજે. ૨

હે બ્રહ્મ, હે પરમબ્રહ્મ, મહંત પ્યારા,
શુદ્ધિ પવિત્રપણું આવતું સ્નાન દ્વારા;

નવ્ડાવીને નયનથી અમ દોષ કાપો,
શુદ્ધિ પમાડી અમને હરિસુખ આપો. ૩

સાધુ મધુરવદનદાસ, ગાયકોઃ ગાયકવૃંદ

**ટ્રેક ૧૧**

## સુવર્ણતુલા સ્મૃતિગીત - વિડિયો શો

એ ત્રાજવે બેઠા પ્રમુખજી, દિવ્ય મૂર્તિ ભુલાય ના,
કીધું સમર્પણ ગુરુચરણમાં, એ ઘડી વિસરાય ના. ધ્રુવ

સોનું સમજતા ધૂળ સમ પણ ધન્ય જેની સાધુતા,
સોનું તજીને ત્રાજવે એ શર્કરા સહ રાજતા;
એ શર્કરાથી અધિક મીઠી સાધુતા વિસરાય ના. એ ત્રાજવે. ૧

સન્માનવર્ષાથી ગુરુનાં રૂપ રંગ ફર્યાં નહીં,
સોના સમી એ ચમક જેનાં વચનમાં ચમકી રહી;
યશકળશ ઢોળ્યો હરિ-ગુરુના મસ્તકે વિસરાય ના. એ ત્રાજવે. ૨

## અક્ષરપુરુષોત્તમ મહારાજ અને મહંતસ્વામી મહારાજનું તુલામાં સ્વાગતગીત

અક્ષરપુરુષોત્તમ મહારાજ પધારો, ભક્તિના ત્રાજવે આજ,
પધારો મહંતસ્વામી મહારાજ,
કરે સમર્પણ આપ ચરણમાં સઘળું ભક્ત-સમાજ. અક્ષરપુરુષોત્તમ. ધ્રુવ

સ્વાગત હો (૩)

કોટિ કોટિ બ્રહ્માંડો જેના રોમે રોમે રાજે,
એ અક્ષર અમ પ્રેમ તણા એ પલ્લા મહીં બિરાજે!
એને શું જોઈએ કહો, છે વિશ્વંભર ગુરુરાજ. અક્ષરપુરુષોત્તમ. ૧

આમ આપ વાયુથી હલકા, આમ ભારે મેરુથી,
છોડ્યાં અમે વજનિયાં જગનાં, પકડ્યા પ્રેમ-દોરથી;
અમે દઈએ જે આપને ભાવતું, ગણીએ બીજું અકાજ. અક્ષરપુરુષોત્તમ. ૨

આપે દીધું આપને દઈએ, માની લો છો ભક્તિ,
એટલું જ નહિ વળતરમાં, આપો ભુક્તિ ને મુક્તિ;
ઋણી આપના અમે સદાયે, આપ કરુણા-જહાજ. અક્ષરપુરુષોત્તમ. ૩
સ્વાગત હો (૩)
અક્ષરપુરુષોત્તમ મહારાજ પધારો... પધારો મહંતસ્વામી મહારાજ...
સ્વાગત હો....

કવિઃ સાધુ મધુરવદનદાસ, ગાયકોઃ જયદીપ સ્વાદિયા, અમેય દાતે અને ગાયકવૃંદ

## ટ્રેક ૧૨ લંડન કિશોરદિન રાસ – ૨૦૨૩

**મુને મળિયા હરિવર ધન્ય ઘડી, આજ વરસી છે કરુણા ને હેતની ઝડી;**

**મારું હૈયું થનગન થાય રે, વહાલા મહંતસ્વામીમાં પ્રોવાય રે. ૧**

ઓરા આવોને ધર્મકુમાર રે, રાખું મારાં નેણાંમાં,

તમે છો મારા પ્રાણઆધાર, રાખું મારા નેણામાં. ઓરા આવોને. ધ્રુવ

જોઉં રસિક સહજાનંદરૂપ રે, છે પાવન પરમ અનૂપ રે; રાખું મારાં નેણાંમાં. ૧

તમે પ્રગટ્યા રે અમારે કાજ રે, દીનબંધુ છો ગરીબનિવાજ રે; રાખું મારાં નેણામાં. ૨

**જામી રાસ તણી રમઝટ ને સ્વામીનો સંગ, આજ ઊડ્યો છે આકાશે ભક્તિનો રંગ;**

**મારું હૈયું થનગન થાય રે, વહાલા મહંતસ્વામીમાં પ્રોવાય રે. ૨**

હરિવર હીરલો રે, હીરલો લાધ્યો રે મંદિરમાં. ધ્રુવ

ખાતાં પીતાં રે સૂતાં બેઠાં સ્વપનામાં, એને અળગો ન મેલું ક્ષણ આઘો. હીરલો. ૧

બ્રહ્માનંદ કહે શું મુખથી વખાણું, બેની જેમ ગૂંગે રે ગોળ ખાધો. હીરલો. ૪

**હવે જાઉં ના મૂકીને અળગા જરી, હું તો આપનો થયો, મારા આપ છો હરિ;**

**મારું હૈયું થનગન થાય રે, વહાલા મહંતસ્વામીમાં પ્રોવાય રે. ૩**

થઈ રહ્યો છે જય જયકાર રે, સ્વામી મળવાથી,
કોઈ બીજાનો ન રહ્યો ભાર રે, સ્વામી મળવાથી. થઈ રહ્યો. ધ્રુવ

એક સ્વામિનારાયણ ગાઉં રે, સ્વામી મળવાથી,
તે વિના બીજું નવ ચાહું રે, સ્વામી મળવાથી. થઈ રહ્યો. ૧

થઈ ગઈ આ જગમાં જીત રે, સ્વામી મળવાથી,
મારે ખામી ન રહી કોઈ રીત રે, સ્વામી મળવાથી. થઈ રહ્યો. ૨

**પ્રાર્થના**

**દેજો ગુરુવર એવું જીવતર આપ તણું અંતર ઠારે,**

**ધર્મ નિયમ સંયમની દૃઢતા હૈયે ધરબી દ્યો મારે;**

**સંપીને જીતવું સત્સંગમાં અવર બધા દોષો હારે,**

**સેવા કરતાં દેહ પડે બસ ધન્ય ધન્ય થાવું મારે.**

કવિઃ સાધુ કેશવકીર્તનદાસ, ગાયકોઃ અમેય દાતે, હરિઓમ ગઢવી, જયદીપ સ્વાદિયા અને ગાયકવૃંદ

## ટ્રેક ૧૩ કેસરિયો રંગ રંગ ઊડે આજે..

જેમ રંગ્યા શ્રીજીએ સારંગપુરમાં, પ્રમુખસ્વામીએ રંગ્યા અમને ઉરમાં
એ જ પ્રગટ મળ્યા છે હરિ અમને આજે, ધામધામી આંખો સામે જુઓ બિરાજે,
અરે આજ કરે કાજ એ તો રાજાધિરાજ, એ તો રાજાધિરાજ, એ તો રાજાધિરાજ

હે હે કેસરિયો રંગ ઊડે અમારે આંગણિયે...
હે ઢમક ઢમક ઢમઢમાઢમ ઢોલ બાજે રે, કેસરિયો રંગ રંગ ઊડે આજે, હે હે હે..
રંગ રંગ ઊડે, ગુલાલ રંગ ઊડે, મારા મહંતસ્વામીની પિચકારીમાં
આજ દિવ્ય રંગ ઊડે પિચકારીમાં ... ટેક

સ્વામિનારાયણ આજ અમને મુખોમુખ રે મળિયા,
અક્ષરધામનું દિવ્યસ્વરૂપ અહીં, અમ પર અઢળક ઢળિયા,
હે ઢમક ઢમક ઢમઢમાઢમ ઢોલ બાજે રે, કેસરિયો રંગ રંગ ઊડે આજે...
યોગીનો રંગ પ્રમુખસ્વામીનો રંગ, ઊડે મહંતસ્વામીની પિચકારીમાં ...
આજ દિવ્ય રંગ ઊડે પિચકારીમાં.. હાં હાં કેસરિયો રંગ. ૧

રંગો રે સ્વામી એવા રંગો, દુનિયાનો રંગ લેશ રહે નહિ;
સંપ નિયમથી ભક્તિ કરીએ, અક્ષરનું સુખ મળ્યું અહીં,
હે ઢમક ઢમક ઢમઢમાઢમ ઢોલ બાજે રે
હે ઢમક ઢમક ઢમઢમાઢમ ઢોલ બાજે રે, કેસરિયો રંગ રંગ ઊડે આજે, હે હે હે..
યોગીનો રંગ પ્રમુખસ્વામીનો રંગ, ઊડે મહંતસ્વામીની પિચકારીમાં
આજ દિવ્ય રંગ ઊડે પિચકારીમાં ... હાં હાં કેસરિયો રંગ. ૨

કવિઃ સાધુ અક્ષરજીવનદાસ, ગાયકોઃ જયદીપ સ્વાદિયા, ધવલ કઠવાડિયા, મિહિર પીઠડિયા અને ગાયકવૃંદ